રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાની ગણતરી કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૨૨/સીએમ-૯૯/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 9 MAR 2022

વંચાણે લીધા: (૧) ભારત સરકારનો તા.૨૩.૦૪.૨૦૨૦ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૨) ભારત સરકારનો તા.૨૦.૦૭.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૩) નાણા વિભાગના તા.૨૨.૯.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૧૬/જીઓઆઈ-૭/ચ
(૪) ભારત સરકારનો તા.૦૭.૦૯.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧(૫)/ઈ.વી/૨૦૨૦

**પ્રસ્તાવના:**

વંચાણ હેઠળના ક્રમાંક(૧)ના ભારત સરકારના તા.૨૩/૦૪/૨૦૨૦ના ઓફિસ મેમોરેન્ડમથી કોવિડ-૧૯ના સંક્રમણના કારણે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને રાખી, તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧થી ચુકવવાપાત્ર થતું મોંઘવારી ભથ્થું સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ત્યાર બાદ વંચાણ હેઠળના ક્રમાંક (૨)ના ભારત સરકારના તા.૨૦/૦૭/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને ઉક્ત સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક(૩)ના નાણા વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. અલબત્ત, તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા માટેનો મોંઘવારી ભથ્થાનો દર ૧૭% નો રહેશે તેવું ઠરાવેલ હતું. વંચાણ હેઠળના ક્રમાંક (૪)ના ભારત સરકારના તા.૦૭/૦૯/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના જે કર્મચારીઓ તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યાર પછી અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત્ત થયેલ

હોય તેઓના કેસમાં ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાનો દર તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧ના રોજ અનુક્રમે ૨૧%, ૨૪%, ૨૮% ગણતરીમાં લેવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રુપાંતર માટે જે તે તારીખે અમલમાં હોય તે મોંઘવારી ભથ્થાનો દર ગણતરીમાં લેવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

ઠરાવ :

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાનો દર નીચેની વિગતે ગણતરીમાં લેવા ઠરાવવામાં આવે છે..

| આ સમયગાળામાં નિવૃત્ત થનાર કર્મચારીઓ | ગણતરીના હેતુ માટે મોંઘવારી ભથ્થાની નોશનલ ટકાવારી |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૧% |
| તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૪% |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી | મૂળ પગારના ૨૮% |

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર તા.૦૧/૦૧/ ૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાના દરમાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે..

આ હુકમો અખિલ ભારતીય સેવા(AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ(પેન્શન),
નાણા વિભાગ

ક્રમાંક: [illegible]

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૨૨/સીએમ-૯૯/પી
તા : ૦૯/૦૩/૨૦૨૨.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના :
- સંયુક્ત શિક્ષણ નિયામક, ૧૦+૨ શાખા
  સદર કચેરી
- સંયુક્ત નિયામક (હિસાબ), સદર કચેરી

જા.નં/નગાર/2022/10910

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લોક-3, જિલ્લા સેવા સદન-2,
અઠવાલાઈન્સ, જિ-સુરત.
તા. 30/07/2022.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓ તમામ, (મા અને ઉ.મા)
જિ-સુરત.

રા/- જાણ તથા અમલ સારૂ.

A.J.
(હિસાબી અધિકારી)
જિલ્લા શિક્ષણાધિકારી,
જિ-સુરત, સુરત.

નોંધ:- સદર બિલ શાળા કક્ષાએ તૈયાર રાખવા. કેમ્પની તારીખ જણાવીએ ત્યારબાદ કેમ્પમાં બિલ રજુ કરવાનાં રહેશે.